સાલ : ૧૮ / સિલસિલાવાર નંબર : ૧૬૨ / શુમારો : ૬ بسم الله الرحمن الرحيم ફુલ પાના - ૧૬

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. ઝુલ કાઅદતિલ હરામ-ઝુલ હિજ્જતિલ હરામ ૧૪૪૨ / જૂલાઇ-ઓગસ્ટ ૨૦૨૧

## જે હુક્મ થાય છે તે જ કરે છે.

કૌલે હક્કતઆલા છે કે, જે આયતની શિક્લમાં કિતાબે હક્ક કુરઆને હકીમમાં દરજ કરવામાં આવો છે. ઈમાનદાર લોગોને ખિતાબ કરીને હક્કતઆલા ફરમાવે છે કે, તમેં તમારા ખુદના જાનોને અને તમારા અહલો ઔલાદને તે આલમનાક અને દર્દનાક આગથી બચાવો કે, જેનું ઈંધન-બલતન નાફરમાન લોગો-કાફિરો અને તેના પત્થર થઈ ચુકેલા દિલો છે. હમેં આ અઝાબમાં ગિરફતાર લોગોને ખુલ્લા નથી છોડા મગર તેઓના ઉપર સખ્ત દિલ અને તંગ મિઝાજ ફરિશ્તાઓ ને મુકા છે. આ ફરિશ્તાઓ હમારા તરફથી માઅમૂર છે, અઝાબ આપવા વાસ્તે મખ્સૂસ છે અને ગુનેહગારોને તેના ગુનાહોંની સઝા આપવામાં મશ્હૂર છે. હમારી કોઈ હાલતમાં ખિલાફવરઝી નથી કરતા અને **જે હુક્મ થાય છે તે જ કરે છે.**

હક્કતઆલાના આ કૌલ વાસ્તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને અરઝ કરવામાં આવી કે, "યા રસૂલલ્લાહ ! હમેં હમારા ખુદના જાનોને અને હમારા બાલ-બચ્ચાં ને આગથી કઇ તરહ બચાવીએ ?" આપે ફરમાવું કે, તમેં નૈકી કરો અને જે નૈક આદતો પર તમેં ચાલતા હોવ તે રસ્તા પર તમારા અહલો અયાલ-ઔલાદ ને લગાવી દો. આ જ તમારા વાસ્તે બહેતરમાં બહેતર તરીકો છે, ઔલાદ વાસ્તે તરબીયત છે અને નૈકી કરવાની અને કરાવવાની આ રાહ તમારા વાસ્તે **આ દુનિયામાં મ્હોટી વિરાસત છે, તરકો છે અને થાપણ છે.**

પૂછવામાં આવું કે, "મ્હોટામાં મ્હોટી નૈકી કઈ છે ? આપે ફરમાવું કે, "હક્કતઆલાની ઈતાઅત અને હુકમ મુજબ કહ્યું માનીને ચાલવું કે, જે ઈન્સાની અદબનું પહેલું પગથીયું છે. આ અદબ જો કોઈ શખ્સમાં અને એની ઔલાદમાં હશે તો સમઝી લેજો કે એં એની ઔલાદ સાથે અઝાબે જહન્નમથી આઝાદગી હાસિલ કરી લીધી." દોબારહ અરઝ થઈ કે, "શું આ ઈતાઅતમાં આપની નુબૂવત પણ શામિલ છે ?" આપે ફરમાવું કે, જિસ્મ હોય અને તેના ઉપર લિબાસ ના હોય તો કેવું કહેવાય ! તે ઉરયાન જિસ્મની કોઈ ઈઝઝત નથી. લેહાઝા, **નુબૂવત, શરીઅત પરનો એક આઅલા લિબાસ છે.** હકકતઆલાની ઈતાઅત સાથે હમારી મવદ્દત જોડાયેલી છે. હમેં તમને હકકતઆલા તરફ લઈ જાનાર છે. શું કોઈ હકકતઆલાનું કહ્યું માને અને હમારી નાફરમાની કરે, તે કઈ તરહ મુમ્કિન થઈ શકે ! **નુબૂવતના ઈકરાર સાથેનું દીન જ સાચા મુમિનની નિશાની છે."**

મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, "તમને ખુદની ઝાતને નારે સકરથી છોડાવવી હોય તો તમેં નમાઝ પઢવામાં સબર કરો અને જે વાઅદો આપો હોય તેને પૂરો કરવામાં જલ્દી કરો." **નમાઝ તે મોહંમદ અને આલે મોહંમદ (સ.અ.) ની દાઅવત છે અને વાઅદો તે મોહંમદ અને આલે મોહંમદ (અ.સ.) ને આપેલો મીસાક છે.** આ બેવે તમને અઝાબ આપનાર સખ્ત દિલ ફરિશ્તાઓથી છોડાવી દેશે. દાઅવત કરવી અને દાઅવતના અમર પર કાઈમ રહેવું, તેના ફરઝોને અદા કરવા અને તેના વાસ્તે પૂરો ખુલૂસ રાખવો એક ઘણું જ મુશ્કિલ કામ છે. હરએકના બસની વાત નથી. અચ્છા-અચ્છાના દિલો ઝમીર આ અમરને બરદાશ્ત કરવામાં સખ્ત થઈ જાય છે પલટી જાય છે. (બકીયાહ પેજ નં. ૪ પર)

**૩૨ માં દાઈએ મુત્લકે (ક.રૂ.) ૧૧૧૦ હિ. માં અહમદાબાદથી વડોદરા હિજરત કીધી.**

# દરસે કુરઆને કરીમ

## સૂરતુલ બકરહ : આયત : ૩૧, ૩૨ અને ૩૩

**આયત ૩૧ :** અને આદમ (અ.સ.) ને અલ્લાહતઆલાએ સઘલા મુબારક નામો શીખાવા અને તે પછી એને ફરિશ્તાઓ પર પૈશ કીધા, તે પછી ફરમાવું કે, બતાવો તમેં મને આ સઘલા નામોને, અગર તમેં સાચા હોવ.

યહાઁ, અલ્લાહતઆલા સામે બે કિરદાર છે, ફરિશ્તાઓ અને મૌ. આદમ (અ.સ.). ફરિશ્તાઓ પોતાના નૂરાની જૌહરની સફાઇ અને કદીમ માઅરેફતોના સબબ, પોતાની ઈબાદતો અને અલ્લાહતઆલાની હમ્દો સના, તકદીસો તકબીર કરવાના સબબ પોતાને ખૂબ ફાઝિલ અને બલંદ સમઝતા હતા. અલ્લાહતઆલા જેને ચાહે એને ફઝલ આપે, ઈઝઝત આપે અને જેને ચાહે એને હલાક કરે, ઝલીલ કરે. અલ્લાહતઆલાના ઈલ્મનો અંદાઝો તે જ સાહેબ લગાવી સકે છે કે જેના ઉપર તે ઈલ્મનો ફઝલ થાય. મૌ.આદમની પૈદાઇશ પર ફરિશ્તાઓને પોતાની ભુલ અને ઈલ્મી કુસૂરનો અહેસાસ થયો અને તેઓને કહેવું પડું કે, **"અય ખુદા ! તું જે જાણે છે તે હમેં જાણતા નથી. નથી કોઇ ઇલ્મ હમારા પાસે મગર તું જે હમને અતા કરે તે જ."**

અલ્લાહતઆલાના નઝદીક ઈલ્મીયત છે અને તેની મખ્લૂકના નઝદીક લાઈલ્મીયત છે. ઈલ્મની નેઅમત હર કોઈને મિલતી નથી અને જેને મિલે છે એના ઉપર અલ્લાહની ફઝલો ઈનાયત હોય છે. આના સબબ જ એના દરજા બલંદ થાય છે. મૌ. આદમ પહેલાથી જ અલ્લાહની તસ્બીહ-ઈબાદત કરતા હતા અને ફરિશ્તાઓએ જોયું કે, આપ ભીગી માટીથી બનેલા છે, આપનું એક જિસ્મ છે, જેની સિફત નીચે પડવાની છે અને જેમાં તડપ નથી, હરકત નથી. હવે અલ્લાહતઆલાએ ઈરાદો કીધો કે, **મૌ. આદમને ફરિશ્તાઓના દરજા કરતા બલંદ કરે, રૂત્બામાં ચઢાવે અને ફઝલો કરામતમાં આઅલા કરે.** તો મૌ. આદમને તે ઈલ્મ-મુબારક નામોથી સરફરાઝ કીધા કે, જેને તે ફરિશ્તાઓ ન્હોતા જાણતા અને પછી અલ્લાહતઆલાએ તે સઘલાને તે ઈલ્મનો સવાલ કીધો કે, જેને તેઓમાંથી કોઈ જાણતું ન હતું.

આ તરહ ભલે તેઓ ફરિશ્તાઓ હતા પણ ઈલ્મ ના હોવાના સબબ તેઓની લાચારી, મજબૂરી અને અજ્ઝ ઝાહિર થયો. તેઓને ખબર પડી ગઈ કે કોઈ ખોટ હમારામાં છે. હમારા ખુદમાં કોઈ એવો કુસૂર છે કે, જેની હમને ખબર નથી. આ એતેરાફ પછી અલ્લાહતઆલાએ તેઓને મૌ. આદમના ઈલ્મ તરફ મોહતાજ કીધા, માઈલ કીધા જેથી આપ તેઓને તાઅલીમ આપે. પછી અલ્લાહતઆલાએ ફરમાન કીધું કે, **"તમેં સઘલા મૌ. આદમને સજદો કરો, કેમ કે, એ તમારા કરતા ઇલ્મમાં ફાઝિલ છે, વધીને છે."** તો સાબિત થયું કે, ઈલ્મ શીખનાર હમેશા ઈલ્મ પઢાવનારથી દરજામાં નીચો હોય છે. નીચા જાહિલ શખ્સ પર ઊંચા આલિમ જે અલ્લાહ તરફથી હોય, તેના નઝદીક સજદો કરવો વાજિબ છે.

**આયત ૩૨ :** બોલા તે સઘલા ફરિશ્તા કે, અય અલ્લાહતઆલા તારી ઝાતે અકદસ નિરાલી છે, તસ્બીહને લાઈક છે. નથી ઈલ્મ હમને મગર તે જ કે તું હમને શીખાવે. તહેકીક, બિલા શક ! તું જ ઈલ્મો હિકમતવાલો છે.

**"લા કિયાસા ફિદ્દીન"**, યાઅની, દીને હક્કમાં કોઇ કિયાસ નથી, કોઈ રાઇ નથી, કોઈની સલાહ-સુચનની જગા નથી, કોઇ જ ફેરબદલ નથી, કોઈ ચીઝ જૂની કે નવી નથી, કોઇ ચીઝ નકામી કે બહેતર નથી, કોઇ ચીઝમાં કમી કરવાનો કે ઈઝાફત કરવાનો ઈમ્કાન નથી. હર ચીઝમાં અલ્લાહતઆલની હિકમત છે અને તેની શરીઅતની **હર ચીઝ કેયામત તક એવી ને એવી જ રહેશે.** ઈન્સાન તો શું ફરિશ્તાઓ પણ ખુદના ઈલ્મને કુસૂરવાલું કહે છે. ઈન્સાન જે જાણે છે તેમાં વક્ત ગુઝરતા ખામી આવી જાય છે મગર જે ઈલ્મ મિનલ્લાહ-અલ્લાહ તરફથી હોય છે તે હમેશા-હમેશા સાબિત રહે છે. ઈન્સાન જો મુમિન હોય તો એના દિલમાં આ જ યકીન જોઈએ કે, **આ દુનિયામાં અલ્લાહતાાલા એ જે કઇ શીખાવું તેના સિવાય હમેં કઇ જ જાણતા નથી.**

(બકીયાહ પેજ નં. ૪ પર)

**આપ મૌલાનું નામ જીવાભાઈ છે અને લકબ ઝિયાઉદ્દીન છે.**

## હજરે-અસ્વદ

અલ્લાહતઆલાએ મૌ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહને ફરમાન કીધું કે, **"તમેં ઝમીનમાં મારા વાસ્તે એક ઘર બનાવો કે, જેમાં મારી ઈબાદત કરવામાં આવે."** તે વાસ્તે આપના ઉપર એક સફીનું-હવા નાઝિલ થઈ કે, જેનો એક ચહેરો હતો અને બે છેડા હતા. આ મુબારક હવા જ્યાં જ્યાં ફિરી, ચક્કર લગાવો ત્યાં ત્યાં મૌ. ઈબ્રાહીમે આપના ફરઝંદ મૌ.ઈસ્માઈલની મદદથી કાઅબતુલ્લાહના પાયા નાંખા. મંઝર એવો હતો કે, મૌ. ઈબ્રાહીમ કાઅબાને બનાવે છે અને મૌ. ઈસ્માઈલ આપને પત્થર લાવીને આપે છે. આ તરહ આપ કાઅબાની દીવારને બલંદ કરે છે અને જે વક્ત રૂકને અસ્વદની જગા પર આપ પહોંચે છે તો ફરમાવે છે કે, **"અય દીકરા ! મને એક પત્થર લાવીને આપો કે જે મૈં આ રૂકન પર મુકું."**

મૌ. ઈસ્માઈલને પત્થર ના મિલો અને ત્યાં જ ઊભા થઈ ગયા. આપે દોબારહ ફરમાવું કે, **"જાવો ! તલાશ કરો."** મૌ. ઈસ્માઈલ પત્થર ઢુંઢવા ગયા કે એટલામાં મૌ. જીબ્રઈલ હજરેં અસ્વદ-કાલો આસ્માની પત્થર લઈને પધારા. જે વક્ત મૌ.ઈસ્માઈલ પધારા તે વક્ત મૌ. ઈબ્રાહીમ હજરે અસ્વદને તેની જગામાં મુકી ચુકા હતા. મૌ. ઈસ્માઈલે પૂછ્યું કે, આ પત્થર કહાઁથી આવો અને કોને લાવીને આપો ? મૌ. ઈબ્રાહીમે જવાબ આપો કે, એમ નથી કે, આ કાઅબાની બિના વાસ્તે તમેં જ મને મદદ કરો છો ! હાલાંકે તમારા કરતા તેના પર મને ઝિયાદહ ભરોસો છે કે જે આ ઘરનો માલિક છે. તેં આ પત્થર નાઝિલ ફરમાવો છે.

તે બાદ એક મુદ્દત તક કાઅબાની ઈમારત બાકી રહી, યહાઁ તક કે, અમાલેકહ, જુરહુમ અને કુરૈશ કબીલાઓએ એના ઝમાનાઓ માં કાઅબાની દીવારો કે જેના પત્થરો પડી ગયા હતા, તેને દોબારહ તેની જગા પર મુકા. આખિરકાર જે વક્ત કુરૈશના સરદારોમાં હજરે અસ્વદને તેની જગા પર મુકવાનો ઝઘડો થયો તો રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની દખલઅંદાઝીથી **આપે આપના મુબારક હાથથી હજરે અસ્વદને** તેની જગા પર મુકા.

ચોથા ફાતેમી ઈમામ મૌ.અબૂ જાઅફર મોહંમદ અલ-બાકિર (અ.સ.) ફરમાવે છે કે, હજરે અસ્વદ મીસાકની મિસિલ છે. તેને ચુમવું બયઅતની મિસિલ છે. યાઅની કે, મીસાક હજરે અસ્વદનો મમ્સૂલ છે અને બયઅત તે હજર-પત્થરની જગાની માઅરેફત કરીને તેના ચુમવાનો મમ્સૂલ છે. મીસાક-બયઅત બગૈર જેમ ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની દાઅવતમાં શરીક થાવું મુમ્કિન નથી, તેમ હજરે અસ્વદને ચુમા બગૈર કાઅબતુલ્લાહના તવાફ દેવા મુમ્કિન નથી. કાઅબતુલ્લહના મમ્સૂલ ઈમામુઝ્ઝમાન (અ.સ.) છે અને હજરે અસ્વદને ચુમવું આપના જમના હાથ પર બયઅત આપવા ને બરાબર છે.

આપ ઈમામ જે વક્ત હજરે અસ્વદને બોસો દેતા, ચુમતા તો આ મુજબ દોઆ ફરમાવતા કે, **"અય અલ્લાહતઆલા ! મેં મારી અમાનતને અદા કીધી છે અને મીસાક અરઝ કીધો છે. જેથી આ હજરે અસ્વદ મારા વાસ્તે તારા નઝદીક પહોંચવાની અને બલાગ કરવાની શહાદત ગુઝારે."** હજરે અસ્વદની આ દોઆ ઘણી જ મશહૂરો માઅરૂફ છે. હર હાજી અને ઊમરહ પર જાનાર મુમિન તવાફ દેતા-દેતા આ દોઆ પઢે છે. દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.) ના દસ્તે મુબારક પર જે મુમિને મીસાક આપો હોય છે તે હજરે અસ્વદ પર આ દોઆને પઢીને પોતાની બયઅત વાલે છે અને દોહરાવે છે. મીસાક બગૈર કાઅબાના હઝારો તવાફ પણ દીધા હોય તે રાયેગા-ઝાયેઅ છે. તે એ મુજબ કે કોઈ માઅરેફત-અકીદા બગૈર ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના દીદાર કરે.

બીજી રિવાયતમાં એમ બયાન છે કે, આપે હરમમાં જોયા કે લોગો કાઅબાના તવાફ દે છે અને આમને આમ ચાલા જાય છે. આપે આપના નઝદીક અસ્હાબને ખિતાબ કરીને ફરમાવું કે, **"કસમ બખુદા ! આ તવાફ સિવાય લોગોને એક ઔર હુકમ કરવામાં આવો છે જે તેઓ ભુલી ગયા છે."** અરઝ કરવામાં આવી કે, તે શું હુકમ છે ?

(બકીયાહ પેજ નં. ૧૫ પર)

**આપે ૩૧ માં દાઈ સૈ.હસન બદરૂદ્દીન સાહેબ (ક.રૂ.) ની વસીયત પર અમલ કરીને હિજરત કીધી છે.**

(પેજ નં. ૧ નું બાકી)

સબરથી કામ લેવું પડે છે. સબર હશે તો દિલમાં ઈતાઅત વસશે, તે ખિલશે અને ફૈઝે ઈલાહીથી તે નૂરાનીદાર થાશે.

હક્કકતઆલાનો વાઅદો સાચો છે અને તે હરગિઝ તેના વચનથી ખિલાફ થાતા નથી. આ જ નિયત પર નબી હોય છે, આપના વસી હોય છે યા વસીની ઔલાદમાં ઈમામ હોય છે યા તેમના હુકમ પર ચાલનાર અને દાઅવત કરનાર દાઈ હોય છે. તમામ દાઅવતે ઈલાહીયહના રૂહાની મરતબાના સાહેબો પર વાઅદા-વફાઈ લાઝિમ હોય છે. તેઓ હક્કતઆલાની આ અમાનતને બરાબર નિભાવે છે. આ અકીદા પર ઈમાન રાખનાર મુમેનીન પણ વાઅદાના પાકા અને સાચા હોય છે. **જે ચીઝ બોલે છે તે કરે છે.** જે ચીઝ કરવામાં બહેતરી છે તેમાં વક્તને સર્ફ કરે છે. કહેવામાં આવેલી નૈક ચીઝ પર પહેલા નઝર કરે છે. નૈકી ની ઝિક્ર અને સવાબને બીજા તક પહોંચાવવા વાસ્તે એ પોતાના અહલને શૌક અપાવે છે અને એ જ મુજબ અમલ કરવા તરફ હિદાયત દે છે.

આ સીરત ફરિશ્તાઈ સીરત છે. મુમિન એક વજેહમાં ફરિશ્તો જ છે. નૂરાની આલમમાં એનો મકામ ખૂબ બલંદ છે. ઈમાનથી ભરેલું એનું દિલ એક અનમોલ જૌહર છે. નૈકીના સબબ તે એના અહલો અયાલને બિગડવાથી બચાવી લે છે. **એનો હર અમલ શરીઅતનો આઇનો હોય છે.** એનો હર કદમ રઝામંદીએ ખુદાવંદીમાં ઉઠે છે. એના નઝરના સામે જે વક્ત એના દોસ્તો - બિરાદરો - હમસાયાઓ મહેશરમાં પૈશ કરવામાં આવશે અને તેઓ પર અઝાબે જહન્નમના પહાડ તૂટી પડશે તો મુમિન કહેશે કે, "અય મારા બિરાદરો ! શું હમેં તમને નૈકી કરવા વાસ્તે આગાહ ન્હોતા કીધા, તમને મૌકાઓ ન્હોતા આપા, તમને સાફ સાફ ઝબાનમાં ખૈર કરવાની વાત ન્હોતી કીધી ! તો લો, આજે તમારી આઁખો ખુલી ગઈ. હવે તમેં જોવ કે તમારો હાલ કેવો છે અને હમારો હાલ કેવો છે. તમેં હમારી મસ્ખરી કરતા હતા અને આજે તે મસ્ખરી ના સબબ તમને શરમિંદગીનો સામનો કરવો પડે છે."

અય મુમેનીન ! અગર તમેં કોઈના અબ્દ હોવ મુમિન હોવ તો તમને તે સાહેબ જે કહે તે જ મુજબ કરવું પડે. મૌ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) એ આપના ફરઝંદ મૌ.ઈસ્માઈલ ને ઝબેહ કરવાનો ઈરાદો બતાવો અને અમલ કીધો, આપની આ કુરબાની હુકમે રબ્બાની મુજબ હતી. તે જ તરીકા પર રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ગદીરે ખુમ્મના મૈદાન પર મૌ. અલી (અ.સ.) ને આપના વસી બનાવવાનો અમલ કીધો, આ સુન્નત પણ હુકમે રબ્બાની મુજબ હતી. તો મુમિનની બહેતરી-તરક્કી તેમાં જ છે કે, દાઈયુલ્લાહિલ અમીન જે નબી-વસી-ઈમામના નાઈબ છે અને અબ્દ છે, **એમના કૌલ સાથે પોતાના કૌલ જોડે. એમના અમલ સાથે પોતાનો અમલ જોડે.** એમનો હુક્મ હોય અને મુમિનનો અમલ હોય. આ મુજબની ઝિંદગી જ મુખ્લેસાના અને મુઅદ્દેબાના કહેવાય. આ સિવાય તમામ ચીઝ ગરઝ - મતલબ - લાલચ - દેખાવ ની છે. જે હુક્મ થાય તે જ કરવામાં હક્કતઆલાની રહેમતની ઠંડક મિલે છે. ✯

---

(પેજ નં.૨ નું બાકી)

**આયત ૩૩** : અલ્લાહતઆલાએ ફરમાવું કે, અય આદમ ! બતાવો તે સઘલા ફરિશ્તાઓને તેના નામોને કે જેની તમને તાઅલીમ આપવામાં આવી છે. પછી જે વક્ત બતાવા તેઓને નામો તો ફરમાવું કે, શું મૈં તમને નહોતું કહ્યું કે, મૈં જાણું છું આસ્માનો અને ઝમીનના ગૈબને. અને જાણું છું તેને કે, જેને તમેં ઝાહિર કરો છો અને જેને તમેં છુપાવો છો.

અલ્લાહતઆલા પોતે ખાલિક હોવાના નાતે જાણે છે કે, મખ્લૂકની ઝહેની-અકલી તાકત કેટલી છે. ફરિશ્તા પણ એક આઅલા મખ્લૂક છે, તેઓ પણ ના જાણી શકા કે, અલ્લાહતઆલાની મૌ. આદમને પૈદા કરવા પાછલ શું મન્શા છે, શું મકસદ છે ! પોતાની ઝાતને બલંદ સમઝા કે, હમારા કરતા ઝિયાદહ અલ્લાહતઆલાની ઈબાદત કોન બહેતર

(બકીયાહ પેજ નં. ૧૦ પર)

**હિજરત બાદ પણ અહમદાબાદના જૂના કબ્રસ્તાન કે જેમાં ૩૧ માં દાઈએ મુત્લકનો રૌઝો છે, તેમાં મુખ્તસર મુમેનીનના ઘરો હતા.**

# અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૧૭
## અલવી અકીદાઓ - અકીદો - ૩૦

**મુકદ્દેમો - પ્રસ્તાવના :**

દાઅવતે હાદીયહનો યમનમાં ઈબ્તેદાઈ દૌર, ખૂબ નાઝૂક હતો. તમામ અકીદતમંદોના દિલોમાં ઈમામના ઈસ્તેતાર-પડદામાં જાવાનો ગમ તાઝા હતો. દાઅવતની શાનો શૌકતમાં ઓછપ મહેસૂસ થાતી હતી. ઈમ્તેહાન-ભરા આ દૌરમાં ઈમામી શાનાતનો અસર અને તૈયેબી રોઅબો જલાલ બરકરાર રાખવા દોઆતે યમાનીયહ વાસ્તે કામ મુશ્કિલ હતું, રાહ દુશ્વાર હતી, અમર સખ્ત હતો. પણ નૂરે ઈમામતનો જલ્વો એ તૌરથી ઝમીને ઈમામતમાં ફેલાયેલો હતો કે, દુશ્મનાને દાઅવતે હક્ક, દાઅવતના નૂરને બુઝાવી ના શકા. આ વાત સાબિતશુદા છે કે, **દાઇએ હક્ક અલ્લાહના નૂરથી જોઇ છે** અને તે સબબ ઝમાના ની રવિશ અને ચાલને પોતાની તાઈદ અને ઝહાનતથી પારખી લે છે અને તે મુજબ જ દાઅવતની ઝમીનને હમવાર અને ઝરખેઝ બનાવે છે.

યમનના દોઆતે હક્કએ દાઅવતના ફિદાઈઓ અને જાઁનિસારોના સહી અકીદાને સાબિત રાખવા તેમજ કમઝોર-ઝઈફ અકીદાવાલા લોગોને મીસાકની પાબંદી વાસ્તે હિદાયત આપવા અને મુખાલેફીન દુશ્મનોના દિલોમાં હક્કની વાત દાખિલ કરવા, રાહે હક્ક તરફ બોલાવવા પોતાની તમામ ઈલ્મી તાકત, તજરૂબો અને તાઈદ ખર્ચી નાંખી. આ સાથે દોઆતે એક અહમ કામ એ કીધું કે, **ગુમરાહ ફિરકાઓના બદ અકીદાઓને** ખુલ્લા પાડી, ખરાબીઓને બતાવી દાઅવતે હક્કના અસલી અકીદાઓને તમામ દલીલો બુરહાન સાથે સમઝાવી હકીકતને બહાર લાવા.

તે ઝમાનના લોગોના બદલાયેલા રૂખ અને બહાવને હક્ક તરફ વાલવા, દાઅવતની હકીકત-બારીકાઈની આશ્નાઇ વાસ્તે, સાફ સમઝ અને તશ્રીહ વાસ્તે, દોઆતે કિતાબોની તસ્નીફો તાલીફ શુરૂ કરી દીધી, પૂરી ગહેરાઈથી લખાણ કરવાની ઈબ્તેદા કરી દીધી. યમનના પહેલા ૮ દોઆતે હક્કએ પોતાની કિતાબો-તસ્નીફાત માં **નુક્તએ બહેસ અને મૌઝૂએ ગુફતગૂ,** આ જહાનમાં ખિલ્કતની ઈબ્તેદા અને ઈન્તેહા (અલ-મબ્દઅ વલ મઆદ), ઈન્સાનની પૈદાઈશની હકીકતો અને દાઅવતે હક્કના અસલો ઊસૂલ તમજ અકીદાઓને રાખો. આ જ સબબથી દોઆત ના ઝૈરે કલમ જે જે કિતાબો લખાયા તેમાં ફિકેહ અને અખ્બારના ટોપિક પર કમ સિયાહી ઈસ્તેમાલ કરવામાં આવી છે.

આ દોઆતમાં ઝિયાદહથી ઝિયાદહ તહેરીર તીસરા દાઈએ હક્ક સૈ. હાતિમ મોહીયુદ્દીન (ક.રૂ.) એ ફરમાવી કે, જેમાં ખુસૂસી તૌર પર દાઅવતે હાદીયહના હુદૂદોના નિઝામ અને દાઈએ હક્કની ફરમાઁબરદારી, પૈરવી, ઈતાઅતો ઈત્તેબઅ કયા લેહાઝથી કરવી તેના ઉપર મઝીદ રોશની નાંખવામાં આવી. આ સાથે મિસિરમાં ઈમામે હક્કક ના ઝુહૂરના વક્તમાં ઘણા દોઆતે બલાગે બલંદ દરજાના કિતાબો લખા હતા, તેમાંથી મઅખઝ, નિચોડ, જાએઝો, ઈક્તેબાસ લઈને હકીકતો, અકીદાઓ, હરામો હલાલને એક જગે જમાઅ કરીને તેના બયાનોનો ઝખીરો કરીને આસાન-સમઝની નવી કિતાબો તરતીબ આપવામાં આવી. આ યમની કિતાબો પર દારો-મદાર રાખીને દાઅવતે હક્કના પાકીઝા હરમમાં નવા દાખિલ થાનાર તાલિબે ઈલ્મ **મુમેનીન-મુખ્લેસીન વાસ્તે દરજા-બ-દરજા ઇબ્તેદાઇ તાઅલીમ અને તરબીયતનો** આઅલા નિઝામ-નિસાબ તરતીબ આપવામાં આવો. આ તમામ તદબીરાતે ઈલ્મીયહમાં પાઁચમાં દાઈએ હક્ક સૈ.અલી બિન મોહંમદ બિન અલ-વલીદ (ક.રૂ.) નો કિરદાર નુમાયા, ખાસ અને નાકાબિલે ફરામોશ છે. કેમકે, આપે મિસરી કિતાબોના ભારી બયાનો અને ઈલ્મો હિકમતના નુક્તાઓને લોગોના દરમિયાન આસાન-સહેલા તરઝો તરીકાથી પૈશ કીધા.

(બકીયાહ પેજ નં. ૬ ૫૨)

**અહમદાબાદના આ ગિરોહમાં આપના ત્રણ દીકરીઓ પણ શામિલ હતા, તેમાંથી એકનું નામ હુરજીબુ છે.**

(પેજ નં. ૫ નું બાકી)

**અકીદો - ૩૦ :**

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ના નુબૂવતના દરજા બાદ વસાયતનો દરજો છે, જે આપની વસીયત મુતાબિક હોય છે.

આ સિલસિલામાં હમારો અકીદો એ છે કે, હમારા રસૂલ બાદ આપના વસી મૌલાના અલી અમીરૂલ મુમેનીન બિન અબી તાલિબ (અ.સ.) થયા. આપ મૌલા સિવાય કોઇ બીજો શખ્સ નબી સાહેબના વઝીર, વારિસ, ખલીફા યા વસીએ બરહક્ક બની નથી શકતા. **તેના વાસ્તે હમારા પાસે ૧૨ દલીલો અને હુજ્જતો છે :**

(૧) **પહેલી વજેહ** તે છે કે, ઝાહિર છે કે, નબી સાહેબે આપના બાદ આપના કાઇમ-મકામ અને ઉમ્મતની રૂહાની સરદારી કરવા વાસ્તે વસીયત ઝરૂર કીધી હતી. કેમકે, અલ્લાહતઆલા હમને હમારા મૌતને વક્ત વસીયત કરવાની સખ્તીથી તાકીદ કરે છે અને કુરઆને કરીમમાં પણ વસીયત કરવું ફરઝ કરે છે. એમ ફરમાવીને કે, તમેં મરતા પહેલા તમારા માલને વાસ્તે વસીયત કરો. આમ લોગો વાસ્તે જો આ મુજબ ફરમાન હોય તો નબી સાહેબ વાસ્તે તો **ઝિયાદહ ફરઝ** બને છે.

જે તરહ કે અલ્લાહતઆલાએ મુકર્રર મહીનામાં રોઝા ફરઝ કીધા, રોઝ મુકર્રર વક્તમાં નમાઝ ફરઝ કીધી, ઝકાતને પણ તયશુદા મહીનામાં ફરઝ કીધી, હજ્જ વાસ્તે પણ એમ જ કીધું, સફરમાં હોઇએ તો નમાઝને કસર કરવાની તાકીદ કીધી, જલ્દીથી દૈન-કર્ઝ અદા કરવાનું કહ્યું, પાની ના મિલે તો વુઝૂની જગા પર તયમ્મુમ કરવાનું કહ્યું, તો શું દીને હક્ક વાસ્તે વસી અને કાઇમ-મકામ બનાવવાની અહમ બાબતમાં હમેં એમ ખયાલ કરી શકીએ છે કે, નબી સાહેબ આપની નુબૂવતનું આ ફરઝ તર્ક કરી દીધું હશે ? **વસીયત કીધા બગૈર જ ઇન્તેકાલ ફરમાવી ગયા હશે ?** નબી હોવાને બાવુજૂદ એક ભારી ફરીઝતની અદાયેગીમાં કુસૂર કે સુસ્તી કીધી હશે ? હરગિઝ નહી. આપે આ ફરઝ અદા કીધું મગર ઉમ્મતે નાફરમાની કીધી.

(૨) **બીજી વજેહ** તે છે કે, નબી સાહેબે આપની હદીસોમાં મૌત પહેલા વસીયત કરવા વાસ્તે એ તરહ તાકીદ કરીને ફરમાવું છે કે, કોઇ મરદે મુમિનને લાઇક નથી કે, બે રાત પણ વસીયત કીધા બગૈર ગુઝારે. એના પર વાજિબ છે કે, વસીયત તેના માથાના તકીયાને નીચે-સિરાહનાના નઝદીક મહેફૂઝ મુકી રાખે. નબી સાહેબ જે ઉમ્મત વાસ્તે આ તાકીદ કરતા હોય તો પછી આપ ખુદ તેના ઉપર અમલ ના કરે તે કુબૂલ થાય જ નહીં. આપ અમલમાં કામિલ અને ચોખ્ખા હતા.

(૩) **તીસરી વજેહ** તે છે કે, કુરઆને કરીમમાં અલ્લાહતઆલાએ ખાસ કરીને દુનિયાવી ઊમૂર કરતાં દીની ઊમૂર વાસ્તે હોશ અને શૌક બતાવો છે. લેહાઝા અહલે ઈસ્લામને દીની ઊમૂરને ઉચકવા ખાસ વસીયત કરવાની તાકીદ ફરમાવી છે. જે મુજબ મૌ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) અને યાઅકૂબ નબીએ પોતાના ફરઝંદોને આપના ઈન્તેકાલ પહેલા વસીયત ફરમાવી કે, **" યાદ રાખો ! મારા બાદ અલ્લાહ વહદહૂ લા શરીક સિવાય કોઇની ઇબાદત ના કરજો. તમને મુસલમાનની મૌતે વફાત થાવાનું છે, કાફિરની નહીં. "** અંબિયા પોતાની ઔલાદ ને જો આ મુજબ નસીહત-વસીયત કરતા હોય તો નબી સાહેબ તો અંબિયાના સરદાર છે, શું આપ આપના અહલ, ઘરવાલા, અસ્હાબ, ખિદમતગુઝારો દરમિયાન ના વસીયત કરી જાય કે, આપના બાદ આપના વસી-વઝીર કૌન છે ?

(૪) **ચોથી વજેહ** તે છે કે, દૌરાને સફરમાં પણ અલ્લાહતઆલાએ બંદાને વસીયત કરવા વાસ્તે લાચાર-માઅઝૂર નથી રાખો. પણ કુરઆને કરીમમાં હુકમ ફરમાવો છે કે, સફરના દૌરાન કોઇ શખ્સ મરી રહ્યો હોય તો એના સાથે સફરમાં જે હાઝિર હોય એને મરતા પહેલા વસીયત કરી લે. એના નઝદીક કોઇ મુસલમાન શાહિદ ના મિલે અને

(બકીયાહ પેજ નં. ૭ પર)

**આપના કબીલાના અકસર સાહેબો જૂના કબસ્તાનમાં મદફૂન છે.**

(પેજ નં. ૬ નું બાકી)

વસીયત વાસ્તે હાઝિર ના હોય તો એ **અહલે કિતાબ માંથી ગૈર-મુસ્લિમને પણ પોતાની વસીયતનો શાહિદ રાખી શકે છે.** નબી સાહેબે આવા હાલાતમાં ગૈર-મુસ્લિમની ગવાહી વસીયતનો ફેસલો આપવામાં જાઇઝ રાખી છે. આપના નઝદીક હજ્જે બયતુલ્લાહના સફર દૌરાન તમામ મુસ્લેમીન જ હતા, કલેમો પઢનાર જ હતા. તો તે આખિરી હજ્જમાં વસીયત ના કરવાનો ઈમ્કાન ના થાય, તે મુમ્કિન જ ન હતું.

(૫) **પાઁચમી વજેહ** તે છે કે, નબી સાહેબના પહેલા જે તમામ રસૂલો અને અંબિયા આ જહાનમાં મોકલવામાં આવા, તેઓએ ફરમાને ઈલાહી મુજબ દીને હક્કની હિફાઝત વાસ્તે પોતાના ફરઝંદો યા કરીબી રિશ્તેદારોમાંથી કોઈ બેહદ એતેમાદવાલા સાહેબને વસી બનાવા, દૂરના રિશ્તેદારો માંથી નહીં. જે મુજબ મૌ.આદમે આપના દીકરા મૌ.હાબીલ અને મૌ.શીસને, મૌ.નૂહએ મૌ.સામને, મૌ.ઈબ્રાહીમે મૌ.ઈસ્માઈલ અને મૌ.ઈસ્હાકને, મૌ.મૂસાએ આપના ભાઈ મૌ.હારૂન અને મૌ.યૂશઅ ને, મૌ.દાઊદે આપના ફરઝંદ મૌ.સુલૈમાન ને, મૌ.હિઝકીલે આપના ભાઈ મૌ.અરમિયાને, મૌ.ઈસાએ આપના મામાના દીકરા મૌ.શમઊનને વસી બનાવા.

આ જ ઊસૂલ અને બુનિયાદ પર અલ્લાહતઆલાએ હમને નબી સાહેબની પૈરવી અને હુકમ પર ચાલવાનું ફરમાન કીધું છે કે, **"એ લોગો (અંબિયા) એવા છે કે, જેને અલ્લાહતઆલાએ હિદાયત બખ્શી છે, તો આપ એમની હિદાયતને માની લો, ઇક્તેદા કરી લો. આપ (અય નબી) કહી દો કે, હું હિદાયતના એવઝ-બદલામાં કઇ અજર-હદીયો માંગતો નથી. આ તો આલમના લોગો વાસ્તે ખાલિસ-સીધી નસીહત છે."**

આ બયાન મુજબ નબી સાહેબે આગલા અંબિયાના સુન્નત પર અમલ કીધો અને આપના સાયા-નફસ કાકાજીના દીકરા મૌ.અલી અમીરૂલ મુમેનીન ને વસી બનાવા. આપે આ સુન્નતે અંબિયાને નિભાવી ના હોય એ ના જ બની શકે.

(૬) **છઠ્ઠી વજેહ** તે છે કે, તમામ મુસલમાન આ વાત પર મુત્તફિક-મુત્તહિદ છે કે, નબી સાહેબે હમને કેયામત તક વાકેઅ થાવાવાલી-બનનારી નાની-નાની વાતોની ખબર કીધી છે અને આના કરતા તમામથી અહમ વાત તો તે છે કે, આપ આ દુનિયાથી અચાનક રહેલત નથી ફરમાવી ગયા, ના કે આપ શહીદ થયા પણ હકીકત એ છે કે, ઝહેરના અસરના સબબ આપ કેટલાક દિનો તક બીમાર રહ્યા અને આહિસ્તગીથી ઈન્તેકાલ ફરમાવી ગયા.

આપને પૂરેપૂરો મૌકો મિલો, વક્ત દરકાર હતો કે, આપના બાદ રૂનુમા થાનાર વાકેઆત પર નઝર ફરમાવે, ગૌરો ફિકર કરે, ફિત્ના-ફસાદને રોકે અને ઉમ્મતને હિદાયત પર બાકી રાખવા વાસ્તે કઈ પુખ્તા ઈન્તેઝામ કરીને જાય. ઝાહિર છે કે, કોઈના વાસ્તે પણ આપનો ઈન્તેખાબ અને પસંદગી હમારી પસંદગીથી બરતર-અફઝલ જ હોતી, કેમકે અપનો દરજો કહાં અને આમ ઉમ્મતની હૈસીયત કહાઁ ? આપે આપની ઝિંદગીમાં નાની-માઅમૂલી ઘરેલૂ વાતોની નસીહત કીધી અને હમેં તેને પૂરા યકીનથી કુબૂલ કીધી, તેને બેધ્યાન ના છોડી. તો એમ કઈ તરહ માની લેવામાં આવે કે, એવા અહમ અને મરકઝી મુઆમેલામાં નબી સાહેબ આપના ગુઝરી જાવા બાદ, **હમારી દીની સલામતી તેમજ દુનિયા-આખેરતની બહેબૂદીનો ખયાલ ના રાખે !** આવી ઝરૂરી સોંપની અને આપની જગા પર આવનાર સાહેબ વાસ્તે હમને બેસહારા છોડી દે ! ઝિંદગીના હર પહેલૂ અને સવાલનો હલ આપે તલાશ કરીને બતાવો હોય તો શું આપના વારિસ તલાશ કરવાનું ઉમ્મતને સોંપી દે ! આ હરગિઝ ના બને અને બનું જ નથી.

આપ નબી સાહેબે ફરમાવું કે, અઠવાડીયાના એકીના દિનોમાં સુરમો લગાવો, આંતરે બીજે માથામાં તેલ લગાવો, એક જોડું ચપ્પલ પહેરીને ના ચાલો, તૂટેલા વાસણથી પાની ના પીવો, ઘરના કચરાનો જલ્દીથી નિકાલ કરો, ગંદા વાસણ અને કપડાને ઘરમાં રહેવા ના દો, બિસ્તર પર જાતા પહેલા ઘરની બારીઓ અને દરવાઝાઓ પર પડદા નાંખી દો,

(બકીયાહ પેજ નં. ૧૧ પર)

**હિજરત થઈ તે વક્ત અપના મુમેનીન વડોદરામાં ફખરી મોહલ્લા અને લાડવાડા ઈલાકામાં રહેતા હતા.**

## મોટા ગુનાહોં -કબાઈર

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "જે ચીઝ અલ્લાહતઆલાના નઝદીક છે, તો એ તો ઝિયાદહ ખૈર અને બાકી રહેનાર છે મુમેનીન વાસ્તે કે, જેઓ અલ્લાહ પર ભરોસો કરે છે અને તે લોગો વાસ્તે કે જે મોટા ગુનાહો અને બેહયાઈઓ-બેશરમીઓથી દૂર રહે છે. જે વક્ત આ લોગો ગુસ્સે થાય છે તો મુઆફ કરી દે છે." "અગર તમેં મોટા-સંગીન ગુનાહોથી તમારી ઝાતોને રોકશો, પરહેઝ કરશો કે, જેની તમને મનાઈ કરવામાં આવી છે, તો આ તમારો અમલ તમારી બુરાઈઓને મિટાવી દેશે અને **હમેં તમને કરામતવાલી જગામાં યાઅની જન્નતમાં દાખિલ કરી દઇશું.**"

મૌ.અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રિ.અ.) ફરમાવે છે કે, **કબાઇર** તે ગુનાહ છે કે જે ગુનાહોંથી અલ્લાહતઆલાએ તમને ડરાવા છે અને તેના સખત અઝાબથી ધમકાવા છે, વઈદ કરે છે. જેમ નાના-નાના ગુનાહો બેશુમાર છે, અનગિનત છે, તમે મોટા ગુનાહોની ફેહરિસ્તમાં ૭૦૦ જેટલા કબાઈર ગુનાહ શામિલ છે.

કબાઈરમાં અલ્લાહનો શિર્ક કરવો યાઅની તેની વહેદાનીયતમાં કોઈને શરીક કરવા,

શરીઅતના અરકાન-અહકામનો કુફ્ર કરવો,

જાદુ કરવું અને તેના જેવા ખેલ કરવા, નાહક્ક કોઈનું કત્લ કરવું - ખૂન કરવું,

રિબા-વ્યાજના પૈસા ખાવા યા તેને વાસ્તે કોઈ પર ઝુલ્મ કરવો યા તેને પોતાની રોઝગારી બનાવી દેવી,

યતીમનો માલ ખાવો યા એને દર-બ-દર કરવા, જે પૈસા પર જેનો હક્ક છે તેને પાછા ના આપવા,

ઈમામે હક્ક જે જેહાદ નો હુકમ કરે તો તે વાસ્તે બહાના કરવા યા જેહાદથી નાસી છૂટવું યા જેહાદના નામ પર દુશ્મનો સાથે મિલીને ઈમામ સાથે દગો કરવો,

બેગુનાહ પાક-દામન બૈરો પર તોહમત લગાવવી, પારકા બૈરો પર બદનઝર નાંખવી,

ચોરી કરવી, ઝિના-બદકારી કરવી, ગૈર બૈરો સાથે નાજાઈઝ જિસ્માની તઅલ્લુકાત રાખવા,

વાલેદૈનની ખિદમત મુકી દેવી યા ઘરથી દર-બ-દર કરવા યા ખયાલ રાખવામાં કુસૂર કરવો યા ગુસ્સાથી જોવું યા ઊંચો આવાઝ નિકાલવો યા બદકલામી કરવી યા ઈઝા દેવી,

જૂઠ બોલવું - મક્કારી કરવી, શરાબ પીવી અને નશીલી ચીઝોની આદત રાખવી,

ઔલાદની તરબીયત મુકી દેવી, કુરઆને કરીમની બેહુરમતી કરવી,

આખેરતને ભુલી જાવી,

કોઈને પાની પીવાથી રોકવા, મરહુમીન વાસ્તે મગફેરતની દોઆને છોડી દેવી વગૈરહ.

મૌ. ઈમામ મોહંમદ અલ-બાકિર (અ.સ.) ફરમાવે છે કે, એક સાહેબીએ નબી સાહેબ (ક.રૂ.) ને સવાલ કીધો કે, હમને એ ખૌફ છે કે હમેં મુનાફિક ના થઈ જઈએ ? ફરમાવું કે, આમ શું કામ ? અરઝ કરવામાં આવી કે, અય ખુદાના રસૂલ ! હમેં જે વક્ત આપના પાસે હોઈએ છે અને આપના કલામ સાંભલીએ છે તો હમારા દિલો નરમ થઈ જાય છે, હમેં દુનિયાને ભુલી જઈએ છે અને હમને એમ લાગે છે કે, **આખેરત હમારા સામે હોય અને હમેં જન્નત અને જહન્નમના હાલાતને જોઇ રહ્યા હોય.** અને પછી જે વક્ત હમેં આપથી જુદા થઈએ છે, આપની મુફીદ સોહબતથી ફારિગ થઈએ છે અને હમારા બૈરો-બચ્ચાંથી જઈ મિલીએ છે, ઘરના માહૌલમાં બેસીએ છે તો હમારા ઉપર જે આપની ગુફતગૂ અને કલામનો અસર થયો હોય છે તે ચાલો જાય છે, ઝાઈલ થઈ જાય છે. આના સબબ હમને નિફાક અને ઈમાનમાં કમીનો ખૌફ સતાવા કરે છે.

(બકીયાહ પેજ નં. ૧૨ પર)

**હિજરત બાદ મીયાઁ મહેમૂદે ઘણી મોટી વાડીની ઝમીન આપને હદીયાના તૌર પર આપી હતી.**

## ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ – બની ઈસરાઈલની સબકઆમોઝ કહાનીઓ
### કિસ્ત - ૫૩

**"તમને જે કઇ મુસીબત પહોંચે છે તે તમારા હાથોના કરતૂતોના સબબ છે અને તે (અલ્લાહ) તો ઘણો મુઆફ કરી દે છે."**

અલ્લાહતઆલા **સાહેબુલ મગફેરત** છે અને હમેં **સાહેબુઝ્ઝુનૂબ** છે. સાહેબુલ મગફેરત યાઅની મુઆફી અતા કરનાર અને ગુનાહોંને માંજનાર. સાહેબુઝ્ઝુનૂબ યાઅની ગુનાહો કરનાર અને હર કદમ પર ખતા કરનાર. આ ગુનાહોંના સબબ મુસીબત, બલા, ગમ, બીમારી, તકલીફ, લાચારી, ફકીરી, મજબૂરી, ઈઝા, ખરાબી, બરબાદી, નાફરમાની વગૈરહ હમારા તરફ આવે છે. અલ્લાહતઆલા તરફથી તો રાહત, ઈત્મિનાન, સવાબ, જઝા, બહેતરી, બહેબૂદી, શિફા, રોઝી અને મોહબ્બત જ છે. હમેં બિલાશક બહેતરીથી ઝિંદગી ગુઝારી શકીશું અગર હમેં આ દુનિયામાં, હમને જે કરવાનું છે અને કહેવાનું છે, તે બરાબર તેના હકક મુજબ કરીશું યા કહીશું.

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં સૂરતુશ્શૂરામાં ગુનાહગારો વાસ્તે આયતે શરીફહ ફરમાવે છે, જેની માઅના ઉપર લખેલા હેડીંગમાં પઢી શકાય છે. હમેં ઈન્સાન છે, હમેં જિસ્મ અને બદન રાખીએ છે. આ જિસ્મ દિન-બ-દિન ઝઈફ થાતું રહે છે, તેને સદમો થાય છે, દર્દ પહોંચે છે. આ સાથે હમેં કદમ-કદમ પર ગુનાહ કરીએ છે. તો આ બદન અને ગુનાહો એકબીજા સાથે જોડાયેલા છે. તે કઈ તરહથી કે, કોઇ પણ ગુનાહ થાય તો તેની સઝા-ભુગતાન એ શખ્સનું જિસ્મ કોઇ પણ દૌરમાં ઉઠાવે છે. **હરએક દર્દો-ગમનો સબબ હમેં હમારા હાથોથી જે ગુનાહો કરીએ છે, તે છે.**

ઝિક્ર એ કે, કોઇને પણ પત્થરની ઠોકર નથી લાગતી યા ઝખમ નથી થાતો, ખૂન જારી નથી થાતું, કાંટો નથી ચુભતો, પડી નથી જવાતું, કીડી-મચ્છર નથી કાટતો, ફિસલી નથી જવાતું, મૂઁહમાં છાલા નથી પડતા યા કોઇ પણ તરહનું દર્દ નથી થાતું મગર ગુનાહના સબબ થાય છે. **અલ્લાહતઆલા તો ઘણો મુઆફ કરી દે છે.** દુનિયાની આ ઝિંદગીમાં મુઆફી-મગફેરત-તૌબા થાવા પછી અલ્લાહતઆલા એ શખ્સને આખેરતમાં નહીં પકડે.

આ હમારા અકીદાનું બીજું રૂખ તપાસીએ તો ઝહેનમાં આ નુકતું આવે છે કે, અલ્લાહતઆલાના નબીઓ, વસીઓ અને ઈમામો તો માઅસૂમીન હોય છે, તેના બાવુજૂદ એમના ઉપર મુસીબતો જ મુસીબતો આવા કરે છે, અને ઘણી જ શિદ્દતથી આવે છે. આ હકીકતનો સબબ શું છે ? તે એના વાસ્તે છે કે, અલ્લાહતઆલા એમના દરજાત-રૂત્બાઓ ખૂબ ઝિયાદહ બલંદ કરવા ચાહતા હોય છે. **તેના આ ખાસ બંદાઓ એમના ઝમાનાના ખાસો આમ લોગોની નજાતી-શફાઅતના ઝામિન અને ઝિમ્મેદાર હોય છે.** એમ નથી કે, આ વલીઓની મુસીબત એમના ગુનાહોના લીધે છે. મગર ઉમ્મત વાસ્તે સબક-ઈબરતની બિના બને કે, જે વક્ત મુસીબતઝદા કોઈ શખ્સ થાય, ગિરફતારે બલા થાય તો કઈ તરહ અલ્લાહતઆલા પર તવક્કુલ રાખીને, દોઆ કરીને સબર થઈ શકે. વલીઓ પર મુસીબત આવી શકે તો આમ બંદો તેનાથી બેપરવાહ કઈ તરહથી થઈ શકે !

### કિસ્સો :

મક્કતુલ મુકર્રમહમાં એક શખ્સ હજ્જ પઢવા આવો. તેની નઝર અને અમલમાં નાપાકી હતી. આટલી પાક જગા પર પણ તેનામાં શહેવતની આગ ભડકતી હતી. એક દિન તવાફ વાસ્તે હરમમાં આવો. દૌરાને તવાફ એં એક બૈરોને જોઇ કે જે ખૂબ જમાલદાર હતી. તે બૈરોનો હુસ્નો જમાલ જોઈને એ શખ્સના દિલમાં શયતાન પૈદા થયો. તવાફ દેતા-દેતા એ બૈરોને કરીબ ગયો અને જિસ્મના પાછલા હિસ્સાને હાથ લગાવીને બૈરોની બેહુરમતી કીધી. (બકીયાહ પેજ નં. ૧૦ પર)

**આપે બદરી મોહલ્લો વસાવો, તેનો દરવાઝો બનાવો અને તેના નઝદીક એક ખૂબસૂરત મસ્જિદ તાઅમીર ફરમાવી.**

(પેજ નં. ૯ નું બાકી)

બૈરોએ હયરતમાં આવીને પાછલ જોયું અને કહ્યું કે, **" એ કૌન બેઅદબ છે કે, જેએ કાઅબાના હરમ શરીફમાં આ મુજબની હરામ હરકત કીધી ? અલ્લાહતઆલા એના હાથ ને કાપી નાંખે. "** એ શયતાન-સિફત શખ્સ જલ્દી-જલ્દી ચાલીને ભીડમાં ગાયબ થઇ ગયો.

થોડા અય્યામ બાદ એ મિના ગયો અને પોતાના ખૈમામાં સુતો હતો. અચાનક ઝોર-ઝોરથી પુકાર આવી કે, **" ચોર ચોર ! પકડો ચોર ને ! "** ચોરે કોઇનો તોશો-સામાન ચોરેલો હતો અને લોગો તેને પકડવા ચિલ્લાતા હતા. લોગોની દોડાદોડી, કશ-મ-કશ અને ચીસો સાંભલીને એ બેઅદબ શખ્સ જાગી ગયો અને આમ તેમ જોવા લાગો. એને કઇ સમઝ પડે તે પહેલા ચોર એના ખૈમાના નઝદીક આવો અને જે સામાન ચોરો હતો તેને ખૈમામાં ફેંકી દીધો અને એક કોનામાં જઇને બેસી ગયો. લોગો ચોરને ઢુંઢતા ઢુંઢતા ખૈમામાં આવા તો જોયું કે, બેઅદબ શખ્સના નઝદીક ચોરેલો સામાન પડેલો છે.

લોગો એના ઉપર તૂટી પડા અને કહેવા લાગા કે, **"તું જ ચોર છે. તું જ ચોર છે. "** તમામે એને પકડી લીધો અને એની કોઈ જ વાત સાંભલી નહીં. એને હાકિમને પાસે લઇ ગયા. હાકિમે શહાદતનો સવાલ કીધો. જેટલા લોગો એને પકડીને લાવા હતા અને એને ખૈમામાં ચોરેલો માલ-સામાન સાથે જોયો હતો, તે તમામે શાહિદી આપી કે, **" અય ! હાકિમ ! આ જ ચોર છે અને આના પાસે જ સામાન હતો. "**

હાકિમને વાતમાં સચ્ચાઇ લાગી કેમ કે, એ બદકાર શખ્સની વાત કુબૂલ કરવા કોઇ જ તૈયાર ના થયું. હાકિમે ફેસલો સંભલાવો કે, "આ શખ્સના હાથ કાપી નાખવામાં આવે." હુકમ મુતાબિક અમલ થયો અને એના હાથ કાપી નાખવામાં આવા કે, જેથી એં હરમ શરીફમાં બૈરોની બેઅદબી-બેહુરમતી કીધી હતી. એને એહસાસ થઇ ગયો કે, હરમમાં મૈં જે હાથથી બદઅમલ કીધો હતો તેની મને સઝા મિલી ગઇ ! અલ્લાહતઆલાએ મને સબક શીખાવવા યહાઁ ને યહાઁ જ બતાવી દીધું કે, **તેનો અદલ-ઇન્સાફ કાઇમ છે.**

જો આ સઝા થોડી મુદત બાદ એ શખ્સને મિલતી તો એતો એના બદ-કરતૂતોને ભુલી ચુકો હોત અને પછી સઝાનો એટલો અસર ના થાત. તો હમને એમ સમઝી લેવું જોઇએ કે, અલ્લાહતઆલા તરફથી યા તેના વલીઓ તરફથી જે સઝા હમને મિલે છે, તે હમારા આઅમાલે સૈયેઆત-બુરા કરતૂતો ના સબબ જ હોય છે. ભલે ને તે સઝા જલ્દી મિલે કે તાખીરથી મિલે. અલ્લાહતઆલાના આ કૌલે રબ્બાનીની હમેં દોબારહ તસ્દીક કરીએ છે કે, "જે કઇ મુસીબત હમારા ઉપર આવે છે તે હમારા હાથોથી થયેલી બદકારીના સબબ જ હોય છે. અલ્લાહતઆલા તો ખૂબ ખૂબ મુઆફ કરી દે છે. ✯

---

(પેજ નં. ૪ નું બાકી)

તરીકાથી કરી શકે ! તેઓમાં થોડો હસદ આવો, થોડો તકબ્બુર આવો કે, **મૌ. આદમની હમારા નઝદીક શું હૈસીયત, એની શું કદર !** મગર તેઓનું આ ફક્ત બદગુમાન હતું, મોટી ખતા હતી. હર ખતાનું ભુગતાન તો લાઝિમ હતું અને તેઓએ પછી તૌબા કરીને અદા કીધું.

યાદ રહે કે, હસદ (ખાર) અને કિબર (ઘમંડ) ખુદ તેના કરનારને હલાક કરે છે, નુકસાનમાં નાખી દે છે, શરમિંદા કરે છે. મગર જેના વાસ્તે હસદ અને કિબર કરવામાં આવો હોય તો એને તો ફાયદો જ કરે છે. ઈબ્લીસ (લા.અ.), હસદ અને કિબરના સબબ હલાક થયો અને એના રબની નાફરમાની કરવાના સબબ એ ફાસિક-બદકાર થયો. એની આ બદકારી-બદફેઅલી એ મૌ. આદમ ને ઝરા પણ નુકસાન ના પહોંચાવું મગર **આપની કરામત-જલાલતનો સબબ બનો.** અલ્લાહતઆલાએ આપને તેના ફઝલથી મખ્સૂસ કીધા. દીની મરતબાઓ પર ચઢાવા અને આ જ ઈશારો કાફી હતો કે, દીનદાર આપની તાઅત-ખિદમત પર લાઝિમ રહે. લેહાઝા, મૌ.આદમને તમામ આલમ પર નુબૂવતની ફઝીલત મિલી. આના બાઈસ આપના કૌલ-અમલ પર ચાલવું તમામ આદમી પર વાજિબ થયું. ✯

**મીયાઁ મેહમુદની જૂની મસ્જિદના તૌર-તરીકા પર આપે મસ્જિદ ઝિયાઇ ની તાઅમીર ફરમાવી.**

## મૌ. યાઅકૂબ નબી અને મૌ. યૂસુફ નબી ની વફાત – કિસ્ત - ૨

કિસસુલ અંબિયામાં રિવાયત આવેલી છે કે, મૌ.યૂસુફ નબી પાસે એક પાઁચ સો સાલનો ઉંમરરસીદા, ખૂબસૂરત અને જાનદાર મુરઘો હતો. આપે આપની કૌમને ફરમાવું કે, "અય બની ઈસરાઈલ ! જ્યાં તક તમારા હાલાત બરાબર રહેશે, તમારા દિલોનું ઈમાન સલામત રહેશે ત્યાં તક આ મુરઘો વહેલી સવારે બાંગ દેતો રહેશે, તે બાંગ અલ્લાહતઆલાની તસ્બીહ અને તકબીરની નિશાની છે."

મગર જે વક્ત એક સિતમગાર, ઝાલિમ બાદશાહ તમારી કૌમ પર કબ્ઝો કરી બેસશે, તમારા દિલો પલટાવી દેશે, ડરના સબબ સાચું બોલનાર ની ઝબાનો બંધ થઈ જાશે, બદકારી અને કુફ્ર આમ થઈ જાશે, તે વક્ત આ મુરઘો બાંગ દેતો બંધ થઈ જાશે. મગર જે વક્ત મૌ.મૂસા બિન ઈમરાન આ દુનિયામાં પધારશે, નૂરે ખુદાવંદી ફેલાશે, હક્ક ઝાહિર થાશે, ઈમાન તાકતવર થાશે, દીનદારી ઊભરીને નૈક અમલમાં ફેરવાશે, **તો દોબારહ આ મુરઘો પહેલા જેમ જ બાંગ દેતો થઇ જાશે.** આ અમલ તે સિતમગાર બાદશાહની હલાકી અને અલ્લાહના નબીની પધરામણીની ખુશ નિશાની છે.

મૌ. યૂસુફ નબીની આગાહીના પૈશે નઝર તે મુરઘાના હાલાતને બનુ ઈસરાઈલ જોતા રહ્યા અને તેને લગતી બધી જ બાબતોને ચકાસતા રહ્યા. એક દિન એવો આવો કે, મુરઘાએ બાંગ દેવી બંધ કરી દીધી. તેના હાલાત બદલાવવા લાગા. તે વક્ત મુસીબતોં આવી પડવાની તમામને ખાત્રી થઈ ગઈ. હવે, બનુ ઈસરાઈલ ફરીથી મુરઘો બાંગ કિવારે દેશે તેનો બેસબરીથી ઈન્તેઝાર કરવા લાગા.

મૌ. યૂસુફ નબીના વફાત પછી યહૂઝા નુબૂવતના રૂત્બા પર આવા. થોડાક વરસો કૌમે બનુ ઈસરાઈલમાં આપની હિદાયતનો ફૈઝ જારી રહ્યો. જે વક્ત યહૂઝા વફાત થયા તો ઈસરાઈલીઓમાં લૂંટફાટ, ખૂનામરકી અને મારામારી શુરૂ થઈ ગઈ. **યહૂઝાના દફન બાબત જ ઈખ્તેલાફ ઊભો થયો.** એક ગિરોહ કહેવા લાગો કે, હમારા મોહલ્લામાં કબર કરો, તો બીજો કહેવા લાગો કે, હમારા મોહલ્લામાં દફનાવો. વાતને એવો ખતરનાક રૂખ લીધો કે, પૂરા મિસિરમાં જંગો જેદાલ અને ખાના-ખરાબી શુરૂ થઈ જાય એવો અંદેશો અને ડર ઊભો થયો. આખિરકાર, બેવે ગિરોહમાં એવો ઈત્તેફાક થયો કે, યહૂઝાને નીલ નદીમાં દફનાવી દેવાય. જેથી આપની કબરનું બરકતવાલું પાની હરએક મિસરીઓના ઘરમાં પહોંચી શકે. ✯

## મહેફિલે દાઈ

ઈમાન કી તન્વીર હે, યે મહેફિલે દાઈ,
ઈસ્લામ કી તૌકીર હે, યે મહેફિલે દાઈ,
ઝયનબ કા મુદ્દુઆ હે, તો ઝહરા કી હે દોઆ,
આબિદ કી યે તદબીર હે, યે મહેફિલે દાઈ,
ઈસ્લામ કે ઊસૂલોં કા ઈક મદ્રસા હે યે,
દુશ્મન કે લિયે તીર હે, યે મહેફિલે દાઈ,
ઈમાઁ કી કસૌટી ભી હે, ઔર ગમ કી દવા ભી,
મુમિન કી યે તકદીર હે, યે મહેફિલે દાઈ,
કિતને હી ગમ ઊઠ ચુકી ઈતરત રસૂલ કી,
ઉસ ગમ કી યે તસ્વીર હે, યે મહેફિલે દાઈ,
કૌસર સ્ચાઈ આલે અબા ને જિસે સદા,
વો નઅરએ તકબીર હે, યે મહેફિલે દાઈ.

---

(પેજ નં. ૭ નું બાકી)

આ તમામ ઊમૂર હમારા રોઝમર્રાના કામકાજ સાથે તઅલ્લુક રાખે છે. એવા રહેમત અને શફકતના સરમાયા નબી સાહેબથી એમ કઇ તરહ બની શકે કે, **આપને દિલો જાનથી નબી માનનાર આપની દીની ઔલાદ અને મુખ્લિસ ઉમ્મતીઓ** વાસ્તે કોઇ જ રાહ ના બતાવી યા દુરંદેશીથી કામ ના લીધું. આ મુજબ કહેવું નબી સાહેબ વાસ્તે તૌહીન છે. તો આપનાથી આ અમલ થાય જ નહીં.

(બીજી (૬) છો વજેહ આવતા શુમારામાં) ✯

**મસ્જિદે ઝિયાઈની દરમિયાની મહેરાબ આજે મસ્જિદે નૂરાનીમાં લાગેલી છે.**

## લફઝી કશ-મ-કશ

**✵ ઉભી તરકીબ :**

૧) કોઇ શખ્સને ------- આવી જાય અને ચક્કર ખાઈને પડી જાય તો એની વુઝૂ તૂટી જાય છે. (૨)

૨) શરીઅતના સિલસિલામાં જો તમને કોઈ સવાલનો જવાબ ના મિલે તો પહેતે તમેં કુરઆને કરીમનો સહારો લો. પછી તેની ઝિયાદહ વઝાહત વાસ્તે ----- નો સહારો લો. (૩)

૩) કુદરત રાખનારને કદીર કહે છે, ખબર રાખનારને ખબીર કહે છે, તો રૂશ્દો હિદાયત આપનારને ------- કહે છે.(૩)

૭) રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) જે વક્ત આખિરી શરીઅત લઇને પધારા તો આપે મૌ.------ ની શરીઅતને માંજી દીધી. (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ╳ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**✵ આડી તરકીબ :**

૨) ------ નું મૈદાન હશે અને તેની ધૂપમાં તમામ ગુનાહગારો પોતાના આઅમાલનો હિસાબ આપવા પસીનાથી તર-બ-તર હશે. (૩)

૪) બંદાના આઅમાલની ------ ગમે તેટલી લંબી હોય, મગર પહેલામાં પહેલા તેમાં નમાઝની તફતીશ થાશે. (૨)

૫) ------ નો લફ્ઝ મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) થી નહીં પણ અંબિયાના હક્કના લોગોના ગિરોહથી મશ્હૂર છે. (૨)

૬) અલ્લાહતઆલાએ સિતારાઓને પૈદા કીધા, તો તેમાં ચંદ ------ હોય છે તો ચંદ નહેસ હોય છે. (૩)

**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | ત | | |
| | મ | રી | ઝ | |
| બે | જા | ╳ | બ | લા |
| | લ | કી | ર | |
| | | મો | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર ઝિલહજ્જ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.

**ખાસ તવજ્જોહ:** મિશ્કાતુલ હાદી દીની અખ્બારમાં આ કોલમ લફઝી કશ-મ-કશ ઘણા વક્તથી ચાલે છે. તેમાં અલ્ફાઝને ગોઠવીને જવાબો આપવાના હોય છે. ઘણી વાર મુશ્કિલ હોય છે, તો ઘણા આસાન પણ હોય છે. કારેઈન પોતાની ઝહેની તાકત અને સુલાહીયત મુજબ જવાબો તલાશ કરવામાં મહેનત કરે છે અને કામિયાબ થાય છે. તવજ્જોહ એ ચીઝનો કે, આ કોલમમાં સવાલો ફક્ત સવાલો જ નથી હોતા. જે પઢનાર ગૌરથી સવાલો પઢે છે તેને ખબર હોય છે કે, અક્સર સવાલોમાં અપની તારીખ, અકીદા અને રસ્મો રિવાજનું રેફેરન્સ હોય છે. સવાલનો શું જવાબ આવે તે એક જુદી બિના છે મગર સવાલ વાંચીને પણ ઘણું બધું જાણી શકાય છે. લેહાઝા, કારેઈન સવાલોને દિલચસ્પીથી પઢે અને જવાબો ઢુંઢવાની બહેતર કોશિશ કરે. ✯

---

(પેજ નં. ૮ નું બાકી)

નબી સાહેબે ફરમાવું કે, “હરગિઝ નહીં ! આ તમેં શું કહો છો ? આ તો શયતાનના વસવસાઓ છે. જે તમને દુનિયાના ઊમૂરમાં, તેના કામકાજમાં ફસાવી દે છે, તેની સોચમાં ગિરફતાર કરી દે છે. પણ યાદ રાખો કે, તમેં મને મારા પાસે રહીને મારી ગુફતગૂના અસરની જે સિફતો બયાન કીધી તેના ઉપર જો તમેં હર હાલમાં રહો અને વસવસાઓથી દૂર રહો તો બિલાશક તમેં ફરિશ્તાઓથી મુસાફેહો કરે અને પાની ઉપર ચાલતા થઇ જાવ.”


ઈન્સાન હોય અને ગુનાહ ના કરે તે મુમ્કિન જ નથી. ગુનાહ કરનાર ઈન્સાનની બે કૈફીયત છે. એક કે એ ઈસ્તિગફાર કરે, મગફેરત ચાહે, તૌબા કરે, શરમિંદા થાય અને પોતાની ઝાતને હમેશા એવા ગુનાહથી પાક રાખવાની કોશિશ કરે.
(બકીયાહ પેજ નં. ૧૪ પર)

**આ મુબારક મેહરાબમાં હિજરતની સન-સાલ દરજ કરવામાં આવી છે.**


# મુબારકબાદી


શહરૂલ્લાહિલ મુઅઝઝમનો બાબરકત મહીનો ફરઝના રોઝા રાખવાથી મશ્હૂર છે. મુમેનીનના હર ઘરમાં અહલો અયાલ હુકમે ઈલાહી મુજબ રોઝા રાખે છે. વાલેદૈન પોતાના બચ્ચાઓને આ વાસ્તે રગબત અપાવે છે. બચ્ચાઓને ખૈર આદત પડે અને મ્હોટા થઈને શરીઅતના અહમ અમરને લઈ ઉઠે, તે વાસ્તે વાલેદૈન ખાસ કોશિશ કરતા હોય છે.


આ ભલી કોશિશથી નાનપણમાં હમારા બચ્ચાં રોઝા રાખતા થઈ જાય છે. ઈબ્તેદામાં ચુનંદા દિનોના રોઝા રાખે છે મગર પછી બયઅતે ઈમામુઝઝમાન (અ.સ.) થાય તે પહેલા થોડા સાલો પૂરા શહરૂલ્લાહના રોઝા રાખે છે. ખૂબ હિમ્મત, શૌક અને દીનદારીનો મુઝાહેરો કરે છે. આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની દોઆઓના સબબ આ સાલ જે જે બચ્ચાંએ પૂરા મહીનાના રોઝા ધરેલા છે અને તેમની ઉંમર ખૂબ નાની છે તે તમામના નામો હમેં તસ્વીરના સાથે શાયેઅ કરીએ છીએ. વાલેદૈન અને નૌનિહાલો વાસ્તે આ ખૂબ ખુશીની બિના છે. ઉમ્મીદ છે કે, આ જ તરહનો શૌક અને આદતે હમીદહ અલ્લાહતઆલા હમારા બચ્ચાંઓમાં સાબિત રાખે, વાલેદૈનની હિદાયત પર ચાલનાર કરે અને ઈલ્મો તાઅલીમમાં સરફરાઝ કરે. ✫



મેવલીવાલા મોહસીનઅલી એ.



ચીનવાલા ફાતેમા વાય.


ચારણીવાલા હાતિમ આઇ.



વ્હોરા મિસ્બાહ એન.


ભાઇસાહેબ ઇબ્રાહીમ ઝેડ.



સૂરતી અયાન એમ.


મુસ્લીવાલા હુસેન એ.


ભાઇસાહેબ લામેઆ એ.


કાચવાલા અલીઅબ્બાસ એચ.



કલીપવાલા ફાતેમા પી.


જરીવાલા કૌશરઅલી ઝેડ.


લોખંડવાલા અલીઅસગર એચ.


વ્હોરા સાફીયા એમ.


ટીનવાલા તંઝીલા ટી.


બંગલીવાલા હમઝા આર.

બત્તીવાલા સુગરા જી.

(પેજ નં. ૧૨ નું બાકી)

બીજું કે એ મુઆફી ના માંગે, તકબ્બુરી કરે, પોતાની ઝાતથી શરમિંદા ના થાય અને તે ગુનાહ પર સાબિત રહે. હલાકી છે એવા લોગોની કે જે ગુનાહ કરે અને મુઆફી તલબ ના કરે. અલ્લાહતઆલા એવા લોગોને પૈદા કરે છે, એમના દરજાઓને બલંદ કરે છે જે અગર ગુનાહ કરે છે, તો ફૌરન મગફેરત તલબ કરે છે. પોતે કેટલો મજબૂર છે તેનો એતેરાફ કરે છે. આમ હોય તો અલ્લાહતઆલા આ ઈઝઝતમઆબ લોગોને ખૂબ-ખૂબ મુઆફ કરી દે છે.

ઈન્નલ્લાહા યગફેરૂઝઝોનૂબા જમીઆ. ✫

વાડીની જગાના બે પટ્ટા આપને હદીયો કરવામાં આવા હતા. એક પટ્ટો મરકઝે હુસૈનીથી નૂરાની મસ્જિદ તક અને બીજો નૂરાની મસ્જિદથી બુસ્તાને બદરી, મારૂ ફલિયા તક.

## દરસે લેસાનુદ્દાઅવત

### مائدة

مولانا سلمان الفارسی رض سی روایت چھے کہ، مولانا عیسی روح الله کوئی بھی برائی نے تابع نه تھیا، کوئی نے جھرکا نھیں، کوئی وقت قھقھه دئی نے ھنسـا نھیں، آپنا منھ پر سـی مکھی نے اڑاوی نھیں، نیترا پھینکا نھیں یعنی ناک نی غلاضـت سـی دور رھیا، کوئی وقت منھ نے چڑھاوو نھیں انے جه وقت بنو اسـرائیل یه تھال اتاروانو سـؤال کیدو تو آپ رویا انے اون نا کپڑا پھرا انے آیة المائدة فرماوی۔ جه نی معنی یه چھے که، اے الله، اے ھمارا پروردگار، ھمارا اوپر آسـمان سـی ایک تھال نے اتار که جه ھمارا واسـطے، ھمارا اول انے ھمارا آخر واسطے عید بنے انے تھاری طرف سی نشانی بنے انے ھمنے رزق آپ انے تو بھلو رزق آپنار چھے۔

آ دعاء تمام تھئی که بے وادلو نا درمیان سی ایک تھال اترو، تمام لوگو حیرت سی جوتا رھیا، عیسی نبی یه دعاء الشکر اداء کیدی انے بسم الله خیر الرازقین فرماوو۔ آپ یه تھال نے کھولو تو ته جنة نی نعمتو سی بھریلو ھتو۔ تھما روٹی، مچھی، گھی، نمک، سـرکو، بھاجیو، زیتون، شـھد، پنیر انے قیمو ھتو۔ مولانا شمعون الصفا نا سؤال پر عیسی نبی یه جواب دیدو که، آ جمن نه آسمان نو چھے انے نه زمین نو بلکه الله یه خصوصی طور پر پیدا کیدو چھے۔ عیسی نبی یه حواریون نے ته نعمتو نے تناول کروانو فرماوو۔

حواریون نی عرض سـی آپ یه مچھی نے زنده کیدی ته بعد یه مچھی اصـلی حالت طرف ولی گئی۔ بنو اسرائیل بجائے تناول کروانے بھاگوا لاگا۔ عیسی نبی یه جموانو کھیو مگر یه کفر کرینے جمواسی باز رھیا۔ آ نا سبب بنو اسرائیل پر عذاب الھی نازل تھیو۔

**માએદહ**

મૌલાના સલમાનુલ ફારસી (રિ.અ.) સી રિવાયત છે કે, મૌલાના ઈસા રૂહુલ્લાહ (અ.સ.) કોઇ ભી બુરાઇને તાબેઅ ના થયા, કોઇને ઝિરકા નહીં, કોઇ વક્ત કહેકહો દઇને હંસા નહીં, આપના મૂઁહ પર સી મખ્ખી ને ઉડાવી નહીં, નીતરા ફેંકા નહીં યાઅની નાકની ગલાઝત સી દૂર રહ્યા, કોઇ વક્ત મૂઁહને ચઢાવું નહીં અને જે વક્ત બનુ ઇસરાઇલે થાલ ઉતારવાનો સવાલ કીધો તો આપ રોયા અને ઊનના કપડા પહેરા અને આયતુલ માએદહ ફરમાવી. જેની માઅના એ છે કે, અય અલ્લાહ ! અય હમારા પરવરદિગાર, હમારા ઉપર આસમાન સી એક થાલને ઉતાર કે જે હમારા વાસ્તે, હમારા અવ્વલ અને હમારા આખિર વાસ્તે ઈદ બને અને તારી તરફ સી નિશાની બને અને હમને રિઝક આપ અને તું ભલો રિઝક આપનાર છે.

આ દોઆ તમામ થઇ કે બે વાદલોના દરમિયાન સી એક થાલ ઉતરૂં, તમામ લોગો હયરત સી જોતા રહ્યા, ઈસા નબીએ દોઆઉશ્શુક્ર અદા કીધી અને બિસ્મિલ્લાહે ખૈરૂર્રાઝેકીન ફરમાવું. આપે થાલને ખોલું તો તે જન્નતની નેઅમતો સી ભરેલું હતું. તેમાં રોટી, મચ્છી, ઘી, નમક, સુરકો, ભાજીઓ, ઝૈતૂન, શહેદ, પનીર અને કીમો હતો. (બકીયાહ પેજ નં. ૧૫ પર)

**વાડી ટાવર અને તેના નઝદીકનો રસ્તો પછીથી પાડવામાં આવેલો છે.**

**તિજારત**

# નૂરભાઈ કેટરર્સ એન્ડ સ્વીટસ

**અમારા ત્યાં નીચે મુજબના ઓર્ડર લેવામાં આવશે.**
**ચોખ્ખો સામાન, વ્યાજબી ભાવ અને સ્વાદિષ્ટ....**

દરેક પ્રસંગના જમણ, વડાનું ખીરૂં, ફાતેહાની ખીર-મલીદો
મીઠાઇમાં કોપરા પાક, ડ્રાયફ્રૂટ હલવો, મેંગો બરફી,
ગુંદર પાક, વિગેરે.
હોમ ડિલીવરી કરવામાં આવશે.

**મો.: ૯૭૨૪૬૧૫૫૫૭ (બદરૂદ્દીન રંગવાલા)**
**મો.: ૮૪૬૯૯૮૦૩૦૮ (સુલતાના કોઠીવાલા)** ☆

(પેજ નં. ૧૪ નું બાકી)

મૌલાના શમઉનુસ્સફા ના સવાલ પર ઈસા નબીએ જવાબ દીધો કે, આ જમન ના આસમાનનું છે અને ના ઝમીન નું, બલકે અલ્લાહ એ ખુસૂસી તૌર પર પૈદા કીધું છે. ઈસા નબીએ હવારીયૂનને તે નેઅમતોને તનાવુલ કરવાનું ફરમાવું.

હવારીયૂનની અરઝ સી આપે મચ્છીને ઝિંદા કીધી તે બાદ એ મચ્છી અસલી હાલત તરફ વલી ગઈ. બનુ ઈસરાઈલ બજાએ તનાવુલ કરવાને ભાગવા લાગા. ઈસા નબીએ જમવાનું કહ્યું મગર એ કુફ્ર કરીને જમવાસી બાઝ રહ્યા. આના સબબ બનુ ઈસરાઈલ પર અઝાબે ઈલાહી નાઝિલ થયો.

**મુશ્કિલ અલ્ફાઝ :**

| | |
|---|---|
| તાબેઅ - પાછલ ચાલવું | ઝિરકવું - ખીજવું, ડાંટવું |
| નીતરા - નિતલ્લા | ગલામત - નાપાકી |
| શહેદ - મધ | તનાવુલ - જમવાનું |
| કુફ્ર - ઈન્કાર | બાઝ - દૂર |
| નાઝિલ - ઉતરવું. ☆ | |

**તિજારત**

યા અલી મદદ
" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

## ભાઈસાહેબ ઈબ્રાહીમ

**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**

**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩** ☆

## ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર
## " ઝૈબાઈશ "

બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે,
પાણીગેટ, વડોદરા.

**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬** ☆

# એ-વન બ્યુટી પાર્લર

**આઇબ્રો, ફેશીયલ, બ્લીચ, હેર કલર, હેર સ્પા, ક્લીન અપ, બોડી મસાજ, હેર મસાજ, નોર્મલ મેકઅપ, હેર સ્મુથીંગ, હાઇલાઇટ, બ્રાઇડલ મેકઅપ, મેની ક્યોર, પેડી ક્યોર.**

૬, અલી ચેમ્બર નં. ૧, તૈયબી મસ્જીદ પાછળ,
રામપાર્ક, આજવા રોડ, વડોદરા.

**સકીનાબેન - મો.: ૮૧૬૦૯૦૫૦૮૦** ☆

## મકાન વેચવાનું છે

**ફુલ્લી - ફરનિશ્ડ, બહેતર ફર્નિચરવાલું, તૈયાર મકાન**

ફ્લેટ નં. ૩૦૧, બાગે તૈબા એપાર્ટમેન્ટ,
ત્રીજો માળ, આગળનું મકાન, હુસેની ચોક,
બદરી મોહલ્લા, વાડી, વડોદરા.

**મો.: ૯૯૯૮૨૭૩૦૫૦ / ૯૬૦૧૧૬૮૮૧૨.** ☆

(પેજ નં. ૩ નું બાકી)

અય રસૂલુલ્લાહ ના ફરઝંદ ! આપે ફરમાવું કે, "લોગોને અમર કરવામાં આવો છે કે, જે વક્ત પોત-પોતાના તવાફથી ફારિગ થાય તો હમારા પાસે આવે અને પોતાના જાનોને પૈશ કરે." યાઅની કે, હમારી કદમબોસી વાસ્તે પધારે. તવાફ બાદ જે હજરે અસ્વદને તેઓ બોસો દે છે તેના માલિક હમેં છે. આ લોગો હમારા નઝદીક મહેશરમાં પૈશ કરવામાં આવશે તો હજરે અસ્વદ તેઓ વાસ્તે હમારા નઝદીક શહાદત દેશે. હમારી માઅરેફતથી જ તેઓનો આ તવાફ દેવાનો અમલ કુબૂલ થાશે. જેમ કાઅબાની જાન હજર છે તેમ હજરની જાન હમારી માઅરેફત છે. ☆

**તે વક્તમાં કિલ્લાબંધ વડોદરા શહેરથી બહાર મુમેનીન આ નવા વાડીના ઈલાકામાં રહેવા આવા.**

## હમનામે મુરતઝા, ૨૯ માં દાઈએ મુત્લક સૈ.વ.મૌ. અલી શમ્સુદ્દીન બિન સૈ. ઈબ્રાહીમ બિન સૈ. શૈખ આદમ સાહેબ (આ.કુ.)

યે મુમિનોં પે દેખીએ અલ્તાફે ખુદા હે,
રહેબર ઈન્હેં સૈયેદના અલી જૈસા મિલા હે.
કહેતી હે ઈન્હેં ખલ્કે ખુદા દાઈએ મુત્લક,
રૂત્બા મેરે મૌલા કા ઝમાને મેં સિવા હે.
સિંચા હે જમાઅત કો શહાદત સે આપને,
કૈસા જહાન મેં હે ચમન હક્ક કા ખિલા હે.
યે ખાલિકે યઝદાઁ કી ઈનાયત હુઈ હમ પર,
મૌલા હમેં હમનામે શહે મરદાઁ મિલા હે.
યે આલમે તિફ્લી મેં હુએ હાફિઝે કુરઆઁ,
હર ઈલ્મ મેં યકતા યે શહેનશાહે હુદા હે.
હમ્લે કીએ શયતાનોં ને ઈસ રહેબરે દીં પર,
લો દેખલો ઉન લોગોં કા ક્યા હશ્ર હુવા હે.
જિસ્ને ભી રખી દાઈએ મુત્લક સે અદાવત,
વો હક્ક કી કસમ, દેખ લો ફિન્નાર હુવા હે.
વો લોગોં કે ચહેરોં પે હે ખિન્ઝીર કે આસાર,
મૌલા કી દુશ્મની કા સિલા ઉન્કો મિલા હે.
રૂત્બે પે ઝરા દાઈએ મુત્લક કે કરો ગૌર,
ઈન પર યે ખુદાવંદે દોઆલમ કી અતા હે.
હે તીન હરફ નામ મુબારક મેં આપ કે,
કિતના બલંદ નામ હે હમનામે ખુદા હે.
હે ઐન-લામ ઈલ્મ સે ઔર યા સે હે યાસીન,
ફિર આલે મોહંમદ સે કહાઁ આપ જુદા હે.
ક્યૂં કર ન મરાતિબ મેં ફુઝૂઁ હો મેરે આકા,
હે ઈનકો શૈખ આદમને સદા સાથ રખા હે.
અલ્લાહ સલામત રહે હાતિમ ઝકી સરવર,
ઝાકિર કી હર ઘડી યહીં અબ એક દોઆ હે. ✯

## પૈગામે મસર્રત

**કારેઈન સાલેહીન ને ઝુલ હિજ્જતિલ હરામ મહીનાની બે ઈદો - ઈદુઝ્ઝબીહત (૧૦મી તારીખ) અને ઈદુલ વલાયત (૧૮મી તારીખ) ની ઈબાદત, નેઅમત અને સઆદતની ખુશી-ખુર્રમી મુબારક થાય. ઝબીહત અને વલાયત તે મીસાકનો અહમ હિસ્સો છે. આ ઈદની મસર્રત તે છે કે, જેમાં મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની દરજએ વસાયત પર કાઈમ-મકામી અને તાજપોશી હમારા દીન અને ઈમાનની બલંદીનો સબબ બનેલી છે.** ✯

આજથી ૩૫ વરસ પહેલા સૈ. તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (ક.રૂ.) ની દોઆ અને તદબીરથી મુમેનીન બદરી મોહલ્લા છોડીને આજવા રોડ અને ફતેહગંજમાં મુન્તકલ થાવાનું શરૂ કીધું.

**નોંધ :** **મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની CD શૈખ ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.